૨૩૨૫૪૩૭૭ (નિયામક)
૨૩૨૫૪૪૧૧ (સંયુક્ત નિયામક)
૨૩૨૫૬૩૫૯ (હિસાબી અધિકારી)
૨૩૨૫૪૯૯૪ (ટી.સી.બ્રાંચ)
ફેક્સ નં. (૦૭૯) ૨૩૨૫૯૭૬૦

# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી,
## ગુજરાત રાજ્ય

વિમા અને લેખા ભવન બ્લોક નં.૧૭,
ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર-૩૮૨૦૧૦
E mail address:-supt-tc-dat@gujarat.gov.in

હિતિનિ/ટીસી/ફા.નં.૧૩૪/પેન્શન વેરીએશન રજીસ્ટર/ ૫૫૫૪-૯૬ તા.૨૯/૮/૨૦૧૩

વિષય:-પેન્શન વેરીએશન રજીસ્ટર અંગે પ્રમાણપત્ર આપવા બાબત
સંદર્ભ:-અત્રેના તા.૪/૯/૧૯૯૦ ના પરિપત્ર નં.૩૦/૧૯૯૦

<u>પરિપત્ર નં. ૯/૨૦૧૩</u>

આથી તમામ શ્રેયાન/જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓનુ ઉકત બાબતે ધ્યાન દોરતા જણાવવાનુ કે

- અત્રેના સંદર્ભદર્શિત પરિપત્રથી પેન્શનની ચુકવણીના એકત્રિત બીલ ફોર્મ 'સી' મા થતા સુધારાવધારા સંબધિત કર્મચારી/હિસાબનીશ દ્વારા ચકાસીને પ્રમાણીત કરવામા આવેલ છે,ત્યારબાદ જે તે માસના બિલો પાસ કરવાની પ્રથા અમલી બનાવવા સુચવેલ છે.
- હવે IFMS પ્રોગ્રામમા પણ આ પ્રકારનો વેરીએશન રિપોર્ટ જનરેટ થાય છે. પરંતુ કેટલીક તિજોરી કચેરીઓ ખાતે નિભાવેલ મેન્યુઅલ રજિસ્ટર મુજબ ઓનલાઈન વેરીશન રિપોર્ટ મળી રહે છે કે કેમ?તે અંગેની ચકાસણી કરવામા આવતી નથી તેવુ તપાસણી દરમ્યાન ધ્યાને આવેલ છે.
- આથી IFMS પ્રોગ્રામમા જનરેટ થતા વેરીએશન રિપોર્ટની વિગતો મેન્યુઅલી રાખેલ સુધારા વધારા રજીસ્ટર સાથે મેળવી લઈ બરાબર હોવાની ખાત્રી થતા ફોર્મ-સી ના તમામ નકલોમા સંબધિત કર્મચારી/નાયબ હિસાબનીશ/હિસાબનીશ દ્વારા ***'પેન્શન વેરીએશન રજીસ્ટરની પ્રિન્ટ કાઢી ચકાસી લીધેલ છે'*** તેવુ પ્રમાણપત્ર અપાયેલ હોવાની ખાત્રી કરી પછી જ બીલ પાસ કરવાની આગળની કાર્યવાહી હાથ ધરાય તે મુજબની કાર્ય પ્રથા અમલી બનાવી ચુસ્ત અમલ કરવા સંબધિત તમામે તકેદારી રાખવી.

નિયામક

પ્રતિ,

- શ્રેયાન/જિલ્લા/તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી/પેન્શન ચુકવણા કચેરી......................
- નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી,નિધિ નિરીક્ષણ શાખા/ નિધિ નિરીક્ષણ શાખા(પેન્શન), હિ.તિ.નિ.કચેરી,ગાંધીનગર
- સિલેક્ટ ફાઈલ